રજુ કર્યા તારીખ :
નોંધણી કર્યા તારીખ :
નિર્ણય કર્યા તારીખ :
સમયગાળો : વર્ષ, માસ, દિવસ.

# દાહોદનાં બીજા એડીશનલ સેશન્સ જજ સમક્ષ,
# મુકામ – દાહોદ.

## સેશન્સ કેસ નં.૧૨૫/૨૦૧૭

## આંક–

શ્રી સરકાર. :
(મૂળ ફરિયાદી : રમણભાઈ ભુરાભાઈ રાઠોડ). : **....ફરિયાદી.**

**–:: વિરૂધ્ધ ::–**

સુરેશભાઈ ધારૂભાઈ ડામોર, :
ઉ.વ. ૨૨, ધંધો : ખેતી, :
રહે. દિવાનીયાવડ, માળ ફળીયા, :
તા. ગરબાડા, જિલ્લો : દાહોદ. : **....આરોપી.**

**ગુનો : ભારતીય દંડ સંહિતાની કલમ–૩૯૫ તથા ૩૯૭ મુજબ.**

---

શ્રી સરકાર તરફે : વિધ્વાન એ.જી.પી.શ્રી એ.કે.પરીખ.
આરોપી તરફે : વિધ્વાન વકીલશ્રી જે.પી.દિક્ષીત.

---

## –// જ જ મે ન્ટ //–

(૧) આ કામના આરોપી સામે ભારતીય દંડ સંહિતાની કલમ–૩૯૫ તથા ૩૯૭ મુજબનાં ગુનાઓનું તહોમત છે.

(૨) આ કામનાં ફરિયાદી : રમણભાઈ ભુરાભાઈ રાઠોડ, રહે. ગાંગરડા, ગામતળ ફળીયા, તા. ગરબાડા, જિલ્લો : દાહોદ નાઓએ ગરબાડા પોલીસ સ્ટશનમાં એવી ફરિયાદ આપેલ છે કે, તેઓ ઉપર જણાવેલ સરનામે રહે છે અને નર્મદા પ્રોજેકટમાં રાધણપુર ખાતે નોકરી કરી પોતાનું ગુજરાન ચલાવે છે. તેઓ અવાર–નવાર પોતાનાં વતન ગાંગરડા ગામે આવે છે.

વધુમાં ફરિયાદીએ પોતાની ફરિયાદમાં જણાવેલ છે કે, એક અઠવાડીયા ઉપર તેઓ તેમનાં પત્ની દક્ષાબેન સાથે તેમનાં ઘરે ગાંગરડા ગામે આવેલા અને તા.૨૪/૦૪/૨૦૧૮ નાં રોજ તેઓ અને તેમનાં પત્ની બન્ને જણા પોતાની મારૂતી સ્વીફ્ટ ગાડી નં.જીજે–૭ ઈ.કયુ–૬૬૮૪ લઈને વડોદરા જવા માટે ગાંગરડા મુકામે તેમનાં ઘરેથી બપોરનાં ૧–૧૫ વાગ્યાનાં સમયે નિકળેલા અને તેઓ ગાંગરડા ચોકડીથી બોરીયાલા તરફ જતા રસ્તા ઉપર આવતા, ત્રણ મોટરસાયકલો, જેમાં બે મોટરસાયકલો ઉપર બે–બે જણ અને એક મોટરસાયકલ ઉપર એક જણ એ રીતેનાં પાંચ ઈસમો તેમની ત્રણેય મોટર–સાયકલો ફરિયાદીની ગાડીની પાછળથી આવીને ઓવરટેક કરી, અચાનક ફરિયાદીની ગાડી આગળ મોટરસાયકલો ઉભી રાખી મોટરસાયકલો ઉપરથી ઉતરી, ફરિયાદીની ગાડી ઉભી રખાવી તેઓને બન્ને બાજુએથી ઘેરી લીધેલ. તેઓએ ફરિયાદીની બાજુમાં બેઠેલ તેમની પત્ની દક્ષાબેન તરફનાં કાચને પથ્થર મારીને તોડી નાંખેલ. તેઓએ 'બુમો પાડશો તો મારી નાંખીશુ' તેમ કહી તેમની પત્ની દક્ષાબેનનાં ગળામાં સોનાનું મંગળસુત્ર તથા ડાબી બાજુનાં કાનની કડી ખેંચી લીધેલ. ફરિયાદીએ પોતાની બાજુનાં દરવાજાનો કાચ ઉતારતા તેમની સામે એક ઈસમે પથ્થર ઉગામી અને બીજાએ ફરિયાદીનાં ગળામાંથી તેમણે પહેરેલ સોનાની ચેન ખેંચી લીધેલી, તેથી તેઓ બન્ને માણસો ગભરાઈ ગયેલા. ફરિયાદી ગાંગરડા ગામે રહેતા તેમનાં મોટા ભાઈ કાળુભાઈ ભુરાભાઈ રાઠોડને ફોન કરવા લાગતા, આ પાંચેય જણાઓ તેઓની મોટરસાયકલો ઉપર બેસી ગાંગરડા ચોકડી તરફ ભાગી ગયેલા. ફરિયાદીએ તેમની ગાડી વાળીને લુટારૂઓનો પીછો કરવા ગાંગરડા ચોકડી ઉપર આવેલા, પરંતુ તેઓ કયા રોડ ઉપર જતા રહેલા? તે તેમને જણાયેલ નહીં. તેથી તેમણે તેમની ગાડી

ચોકડી ઉપર ઉભી રાખેલી. તેવામાં તેમનો ભાઈ કાળુભાઈ ભુરાભાઈ રાઠોડ, તેમનાં ફરિયાદનાં તેમનાં કુટુંબીઓ દોડી આવતા, ફરિયાદીએ તેઓને બધી હકીકત જણાવેલ. આ મોટરસાયકલો હોન્ડા કંપનીની હતી, તેમનાં નંબર જોવા મળેલા નહીં. આ પાંચેય લુટારૂઓ આશરે ૨૦ થી ૨૫ વર્ષની ઉમરનાં હતા. તેઓ કયાંના હતા? અને કોણ હતા? તે ઓળખાયેલ નહીં. ફરિયાદીનાં પત્ની દક્ષાબેનનાં ગળામાં પહેરેલ સોનાનું મંગળસુત્ર તથા કાનની કડી કિંમત રૂા.૫૦,૦૦૦/– નાં તથા ફરિયાદી પાસેથી લઈ ગયેલ સોનાની ચેન કિંમત રૂા.૫૦,૦૦૦/– ની બળજબરીથી લુટારૂઓ કઢાવી લઈ ભાગી ગયેલા. તેથી ફરિયાદીએ તેમનાં મોટા ભાઈ કાળુભાઈ ભુરાભાઈ રાઠોડ, મનસુખભાઈ ભુરાભાઈ રાઠોડ તથા તેમનાં કુટુંબીજનો સાથે ગરબાડા પોલીસ સ્ટેશને જઈ ઉપરોકત બનાવ અંગેની ફરિયાદ આપેલી.

(૩) હાલની ફરિયાદ ગરબાડા પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુ.ર. નં.૪૦/૨૦૧૭ થી ઈ.પી.કો. કલમ–૩૮૪, ૧૧૪ મુજબનો ગુનો નોંધી, ગુના અંગેની તપાસ દરમ્યાન તપાસ કરનાર અમલદારે બે પંચોની હાજરીમાં ગુનાવાળી જગ્યાનું પંચનામું કરેલુ. સદરહુ કામે ઈ.પી.કો. કલમ–૩૯૫, ૩૯૭ મુજબનો ગુનો બનતો હોય તે મુજબનો સુધારો કરવા માટે રિપોર્ટ કરેલો. આ કામનાં આરોપી મળી આવતા બે પંચોની હાજરીમાં તેમને અટક કરી તેમની શરીર સ્થિતીનું પંચનામું કરેલું. આ કામનાં આરોપીએ પોતે ગુનો કરતી વખતે જે મોટરસાયકલનો ઉપયોગ કરેલો તે મોટરસાયકલ શોધી બતાવતા, બે પંચોની હાજરીમાં તે અંગેનું શોધનું પંચનામું કરેલું. લાગતા વળગતા સાહેદનાં તેઓનાં લખાવ્યા મુજબનાં નિવેદનો લીધેલા. ત્યારબાદ આરોપી વિરૂધ્ધ પુરતો પુરાવો જણાય આવતા, તપાસ કરનાર અમલદારશ્રીએ ગરબાડાનાં વિધ્વાન જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસશ્રી નાઓની કોર્ટમાં ચાર્જશીટ દાખલ કરેલ.

(૪) ગરબાડાનાં વિધ્વાન જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસશ્રી નાઓએ સદરહુ કેસ ફોજદારી કેસ નં.૯૪૩/૨૦૧૭ થી ફોજદારી કેસ રજીસ્ટર કરેલ, પરંતુ આ કામનાં

આરોપી સામેનાં ગુના ઈ.પી.કો. કલમ–૩૯૫, ૩૯૭ મુજબનાં હોય, જે ગુનાઓની ઈન્સાફી કાર્યવાહી ચલાવવાની સત્તા માત્ર સશન્સ કોર્ટને જ હોય, ગરબાડાનાં વિધ્વાન જયુડીશયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસશ્રી નાઓએ ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–૨૦૭ નાં પ્રબંધ મુજબ આરોપીને પોલીસ પેપર્સની નકલો પુરી પાડી, ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–૨૦૯ નાં પ્રબંધ મુજબ આરોપી સામેનો કેસ કમીટ કરી, તેમની સામેનો કેસ ચલાવવા માટે સત્ર ન્યાયલય, દાહોદને મોકલી આપેલ, જેને સેશન્સ કેસ નં.૧૨૫/૨૦૧૭ થી નોંધી લેવામાં આવેલ. ત્યારબાદ આ કામનાં આરોપીને આ કોર્ટ સમક્ષ હાજર રહેવા સમન્સ કરવામાં આવેલ છે.

(૫) આ કામમાં આરોપીને સમન્સ બજતા, તેઓ નામ. કોર્ટમાં હાજર થતા, તેમની સામે આંક–૨ થી તહોમતનામું ફરમાવી આરોપીને વાંચી સંભળાવી આંક–૩ થી તેમનો જવાબો લેતા, તેમણે ગુનાનો ઈન્કાર કરી પોતે ખાનગી વકીલ રોકી બચાવ કરવાનું જણાવતા, ફરિયાદ પક્ષનો કેસ આગળ ચલાવવામાં આવેલ છે.

(૬) ફરિયાદ પક્ષ તરફે ટ્રાયલ દરમ્યાન નીચે મુજબનો મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો નોંધવામાં આવેલ છે :

## **<u>મૌખિક પુરાવો</u> :**

| **અ.નં.** | **સાહેદનું નામ** | **વિગત** | **આંક** |
|---|---|---|---|
| (૧) | રમણભાઈ ભુરાભાઈ રાઠોડ. | ફરિયાદી | આંક–૦૫ |
| (૨) | દક્ષાબેન રમણભાઈ રાઠોડ. | નજરે જોનાર | આંક–૦૭ |
| (૩) | કાળુભાઈ ભુરાભાઈ રાઠોડ. | સાહેદ | આંક–૧૧ |
| (૪) | મનસુખભાઈ ભુરાભાઈ રાઠોડ. | સાહેદ | આંક–૧૨ |
| (૫) | સુરેશભાઈ ફતેસીંગ રાઠોડ. | સાહેદ | આંક–૧૪ |
| (૬) | બાબુભાઈ ઉર્ફે પ્રતાપભાઈ કોદરભાઈ રાઠોડ. | સાહેદ | આંક–૧૫ |

| | | | |
|---|---|---|---|
| (૭) | ભાવેશભાઈ ફતેસિંહ રાઠોડ. | સાહેદ | આંક–૧૬ |
| (૮) | રમેશભાઈ ભુરાભાઈ કટારા. | ત.ક.અધિકારી | આંક–૧૮ |

## દસ્તાવેજી પુરાવો :

| અ.નં. | વિગત | આંક |
|---|---|---|
| (૧) | ફરિયાદીની ફરિયાદ. | આંક–૦૬ |
| (૨) | ગુનાવાળી જગ્યાનું પંચનામું. | આંક–૦૮ |
| (૩) | આરોપીએ ગુનાવાળી જગ્યા બતાવ્યાનુ પંચનામુ. | આંક–૦૯ |
| (૪) | આરોપીએ ગુનામાં વાપરેલ મોટરસાયકલ શીધો બતાવતા તે અંગેનું શોધનું પંચનામું. | આંક–૧૦ |
| (૫) | ઈ.પી.કો. કલમ–૩૯૫, ૩૯૭ મુજબનો સુધારો કરવા અંગેનો રિપોર્ટ. | આંક–૧૯ |

આ કામે ફરિયાદ પક્ષે વિશેષ કોઈ પુરાવો આપેલ નથી.

(૭) ફરિયાદ પક્ષે એ.જી.પી.શ્રીએ આંક–૨૦ ની કલોઝીંગ પુરસીસથી પુરાવો પુરો થયાનુ જાહેર કરેલ છે. આ કામે ફરિયાદ પક્ષે રજુ કરેલ મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓ ધ્યાને લઈ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૩૧૩ અન્વયે આરોપીનું વિશેષ નિવેદન નોંધવામાં આવતા, તેમાં તેઓ નિર્દોષ હોવાનું અને તેમની ઉપર તદ્દન ખોટો કેસ કરી તેમને આ ગુનામાં ફસાવી દીધેલ હોવાનુ આરોપીએ જણાવેલ છે.

(૮) આ કામે ફરિયાદ પક્ષ તરફથી વિધ્વાન એ.જી.પી. શ્રી એ.કે.પરીખની, આરોપી તરફે વિધ્વાન વકીલશ્રી જે.પી.દિક્ષીતની દલીલો સાંભળી.

(૯) આ કેસના સંજોગો તથા ઉપર મુજબનો મૌખીક અને દસ્તાવેજી પુરાવો, દલીલો ધ્યાને લેતા આ કેસનો નિર્ણય કરવા માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે :

(૧) શું ફરિયાદ પક્ષ નિઃશંકપણે પુરવાર કરે છે કે, તા.૨૪/૦૪/૨૦૧૭ નાં રોજ કલાક ૧૩–૩૦ વાગ્યાનાં સુમારે મોજે ગાંગરડા ચોકડીથી બોરીયાલા તરફ જતા રોડ ઉપર, ભેરૂ બાબજીનાં મંદિર નજીક આ કામનાં આરોપી તથા આ કામનાં નાસતા–ફરતા આરોપીઓએ ફરિયાદીની મારૂતિ સ્વીફ્ટ ગાડી આગળ તેઓની મોટરસાયકલો આડી કરી, તેમની ગાડી રોકડી, પથ્થરો ધારણ કરી તેનાં વડે ફરિયાદીની ગાડીનાં દરવાજાનાં કાચ તોડી નાંખી, ફરિયાદીનાં પત્ની દક્ષાબેનનાં ગળામાંથી સોનાનાં મંગળસુત્ર, તેમનાં કાનની કડી તથા ફરિયાદીનાં ગળામાંથી સોનાની ચેઈન મળી કુલ એક લાખનાં સોનાનાં દાગીનાની લુટ કરી નાસી જઈ, ભારતીય દંડ સંહિતાની કલમ–૩૯૫, ૩૯૭ મુજબનાં શિક્ષાને પાત્ર ગુનાઓ આચરેલ છે?

(૨) શું હુકમ?

(૧૦) ઉપરોકત મુદ્દાઓના મારા જવાબ નીચે મુજબ છે :

(૧) નકારમાં.

(૨) આખરી હુકમ મુજબ.

**–:: કા ર ણો ::–**

**મુદ્દા નં.૧ :**

**કાયદાકીય જોગવાઈ :**

(૧૧) કોઈપણ ફોજદારી પ્રકારની શરૂઆતની ઈન્સાફી કાર્યવાહી ચલાવામાં આવે છે, ત્યારે સામાન્ય રીતે બે પ્રકારના અનુમાનો સાથે ટ્રાયલ ચલાવવાની હોય છે. પ્રથમ અનુમાનમાં આરોપીઓએ કરેલ ગુનામાંથી તે નિર્દોષ છે, તે અનુમાન સાથે ફોજદારી પ્રકારની શરૂઆત કરવામાં આવતી હોય છે. અને આરોપીની વિરૂધ્ધમાં કરવામાં આવતા

આક્ષેપો નિ:શંકપણે પુરવાર કરવાની જવાબદારી ફરિયાદ પક્ષની હોય છે અને તે જવાબદારી કોઈપણ સમયે ઓછી થતી નથી. અને તેની સાથોસાથ જે સાહેદો કોર્ટમાં આવીને સોગંદ ઉપર જુબાની આપતા હોય તેઓ સાચુ જ બોલતા હોય છે, તેવા અનુમાન સાથે ફોજદારી પ્રકરણમાં ન્યાયીક વિશ્લેષણ કરવામાં આવતુ હોય છે અને તે માટે ભારતીય પુરાવા અધિનિયમમાં કોઈ ચોકકસ માપદંડ કે જોગવાઈ કે નિતી નિયમ ઘડવામાં આવ્યા નથી. એટલે કે, ફોજદારી પ્રકરણમાં દરેકે દરેક હકીકતો અને તેની આજુબાજુના સંજોગો જુદાજુદા હોવાથી જેતે કેસની હકીકતોને લક્ષમાં લઈને અને તેમાં ફરિયાદપક્ષે પોતે રજુ કરેલા પુરાવાનુ વિષ્લેષણ કરવાનુ હોય છે. અદાલતે બે પ્રકારની જવાબદારી નિભાવવાની હોય છે. પ્રથમ પ્રકારની જવાબદારીમાં અદાલતે એ જોવાનુ હોય છે કે, કોઈપણ નિર્દોષ માણસને સજા ન થાય પણ સાથોસાથ અદાલતે એ પણ જોવાનુ છે કે એક ગુનેગાર તેણે કરેલ ગુનાહીત કૃત્યમાંથી છટકી પણ ન જાય. સાહેદો કોર્ટમાં જુબાની આપતા હોય છે ત્યારે તેઓ સામાન્ય રીતે સબળ મનોબળ ધરાવતા હોતા નથી અને તેઓ કાયદાની આંટીઘુટીથી પરિચીત હોતા નથી અને તેવા સંજોગોમાં તેઓ ઘણીવાર પોતાની જુબાનીમાં વિરોધાભાષ, વિસંગતતા, અસંગતતા અને અતિરેક પેદા કરતા હોય છે અને તેના કારણે ફરિયાદપક્ષના કેસ ઉપર કોઈ વિપરીત અસર પડતી ન હોય તો આવી અસંગતતા, વિસંગતતા અને અતિરેક દરગુજર કરવા જોઈએ. પરંતુ જો આવા અતિરેક કે વિસંગતતા કે વિરોધાભાષનાં કારણે ફરિયાદનાં મુળને અસર કરતા હોય તો તેનો લાભ આરોપીને મળવાપાત્ર છે. કાયદાના અર્થમાં એ હકીકત છે કે સ્વતંત્ર સાહેદ એક એવી વ્યકિત છે કે જે પોતે કાંઈ જાણે છે તે જણાવી દે છે, જયારે હિત ઘરાવનાર સાહેદ જે જાણે છે તેના કરતા કયારેક વધુ પડતુ કહેતા હોય છે અને તેને માત્ર પરિણામમાં રસ હોય છે, કારણ કે, તેને કોઈ પક્ષ સાથે નિસ્બત હોય છે, તેઓ કોઈને બચાવવા માગે છે. હિત ધરાવનાર સાહેદ શુ બન્યુ છે? તેના કરતા જુબાનીમાં શું કહેવુ? અને શું ન કહેવુ? તેની માનસીક તૈયારી કર્યા બાદ જુબાની આપે છે. આવી જુબાની સંપુર્ણ ખોટી પણ હોતી નથી કે સંપુર્ણ સાચી પણ હોતી નથી. સ્વતંત્ર સાહેદ જે કાંઈ જાણે છે અથવા કહે છે જયારે હિત ધરાવનાર સાહેદ જાણી

બુજીને છુપાવે છે અથવા કાંઈ વધારે કહે છે, તેથી તે સ્વતંત્ર સાહેદથી અલગ પડે છે. આથી રેકર્ડ ઉપર જયારે હિત ધરાવનાર સાહેદો અને સ્વતંત્ર સાહેદો હોય ત્યારે સાહેદોના પુરાવાની છણાવટ અને મુલ્યાંકન અત્યંત સભાનતાથી અને સાવચેતીપુર્વક કરવાનુ હોય છે અને એ પણ હકીકત છે કે, કોઈપણ પ્રકારનો પુરાવો હોય પણ તેમાં જયારે શંકાનુ તત્વ પ્રવેશે ત્યારે એવો પુરાવો ફરિયાદ પક્ષની નિષ્ફળતામાં પરિણમે છે. ફોજદારી ન્યાયનાં સિધ્ધાંત મુજબ ફરિયાદ પક્ષે પોતાનો કેસ વિશ્વાસજન્ય અને સ્ટર્લીંગ કવોલીટીનાં પુરાવાથી નિઃશંકપણે પુરવાર કરવો પડે.

(૧૨) હવે જયાંસુધી ઈ.પી.કો. કલમ–૩૯૫ તથા ૩૯૭ નાં ગુનાઓનો સવાલ છે, તેની વ્યાખ્યા તથા તેનાં આવશ્યક તત્વો નીચે મુજબ છે :

**<u>ઈ.પી.કો. કલમ–૩૯૫</u> : ધાડ માટે સજા :**

કોઈપણ વ્યકિત, ધાડ પાડે તેને આજીવન કેદ અથવા દસ વર્ષ સુધીની સખત કેદની સજા કરવામાં આવશે તથા તે દંડને પાત્ર પણ થશે.

**<u>આવશ્યક તત્વો</u> :** (૧) આરોપીએ લુટ કરી અથવા લુટ કરવાની કોશિષ કરી અથવા લુટ કરવા સમયે તેની અપરાધિક હાજરી હતી. અથવા લુટ કરવામાં સહાય કરી અથવા લુટ કરવામાં સહાય કરવાની કોશિષ કરી,

(૨) આવો ગુનો કરવા સમયે આરોપીઓઅની સંખ્યા કુલ મળીને પાંચ અથવા તેથી વધારે હતી.

**<u>ઈ.પી.કો. કલમ–૩૯૭</u> : મૃત્યુ અથવા મહાવ્યથા પહોંચાડવાની કોશિષ સાથે લુટ અથવા ધાડ :**

ગુન્હેગાર, લુટ અથવા ધાડ પાડવા સમયે પ્રાણઘાતક હથિયારનો ઉપયોગ કરે અથવા કોઈ વ્યકિતને મહાવ્યથા કરે અથવા કોઈ વ્યકિતનું મૃત્યુ નિપજાવવાની કે તેને મહાવ્યથા કરવાની કોશિષ કરે તો તેવા ગુનેગારને કરવાની કેદની સજા સાત વર્ષથી ઓછી હોવી જોઈએ નહીં.

**આવશ્યક તત્વો :** (૧) આરોપીએ લુટ અથવા ધાડ પાડી.

(૨) લુટ અથવા ધાડ પાડવાનાં સમયે ઓાપીએ અથવા આરોપીઓએ કે તે પૈકી કોઈએ પ્રાણઘાતક હથિયારનો ઉપયોગ કર્યો અથવા કોઈ વ્યકિતને મહાવ્યથા પહોંચાડી અથવા મૃત્યુ અથવા મહાવ્યથા પહોંચાડવાની કોશિષ કરી.

## ફરિયાદીનો પુરાવો :

(૧૩) આ કામે ફરિયાદ પક્ષે સાહેદ નં.૧ ફરિયાદી રમણભાઈ ભુરાભાઈ રાઠોડને આંક–પ થી તપાસેલ છે. તેઓએ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં એવો પુરાવો આપેલ છે કે, તેઓ બનાવ વખતે નર્મદા પ્રોજેકટ રાધનપુર ખાતે નોકરી કરતા હતા અને તેઓ તેમનાં વતન ગાંગરડા ગામે આવેલા. બનાવના દિવસે તેઓ અને તેમનાં પત્ની તેમની મારૂતિ સ્વીફટ ગાડી નં.જીજે–૬ ઈ.કયુ–૬૬૮૪ ની લઈને વડોદરા જવા નીકળેલા. તે વખતે આશરે બપોરના ૧–૦૦ વાગ્યાના સુમારે ગાંગરડા ચોકડીથી બોરીયાળા તરફ જતા રસ્તા ઉપર ત્રણ મોટર સાયકલ લઈ પાંચ અજાણ્યા ઈસમો આવી, ફરિયાદીની ગાડીને ઓવરટેક કરી, અચાનક મોટર સાયકલ ઉભી રાખી, તેના ઉપરથી ઉતરી ફરિયાદી તથા તેમની પત્નીને બન્ને બાજુથી ઘેરી લીધેલ. ફરિયાદીની બાજુમાં ફરિયાદીના પત્ની દક્ષાબેન બેઠેલા હતા તે દરવાજાના કાચને પથ્થર મારી તોડી નાખી, બુમો પાડતો હતો કે, 'મારી નાંખીશું' તેમ જણાવી ફરિયાદીની પત્નીના ગળામાં પહેરેલ સોનાનું મંગળસુત્ર તથા ડાબી બાજુના કાનની કડીઓ ખેંચી લીધેલ. ફરિયાદી તેમની બાજુથી નીચે ઉતરતાં એક ઈસમે પથ્થર ઉગામી તેમના ગળામાં પહેરેલ સોનાની ચેન ખેંચી લીધેલ હતી. ફરિયાદી ગભરાઈ

જતા, તેઓ તેમના મોટા ભાઈ કાળુભાઈને ફોન કરવા જતા, આ પાંચેય ઈસમો ગાંગરડા ચોકડી તરફ ભાગી ગયેલા. ફરિયાદીએ તેમની ગાડી મારફતે લુટારૂઓનો પીછો કરતા, તેઓ કયાંક જતા રહેલા અને મળી આવેલ નહીં. આ પાંચેય ઈસમો કયાંના હતા? અને કોણ હતા? તે ઓળખાયેલ નહીં. તેઓ આશરે ૨૦ થી ૨૫ વર્ષની ઉંમરનાં હતા. આ ઈસમોએ ફરિયાદી તથા તેઓની પત્નીના ગળામાંથી સોનાની ચેન બળજબરીથી કઢાવી લીધેલ હોય, ફરિયાદી તેમનાં કુટુંબીજનો સાથે આંક–૬ વાળી ફરિયાદ આપવા ગયેલા. ફરિયાદીને નામ. કોર્ટમાં હાજર રહેલ આરોપીને બતાવતા, તેને જોઈને ફરિયાદીએ જણાવેલ છે કે, તે તે જ હતો કે કેમ? તે તેઓ કહી શકે નહીં. ફરિયાદીએ વધુમાં જણાવેલ છે કે, પોલીસે તેમનો વધારાનો જવાબ લીધેલો અને ફરિયાદીએ કોઈ મોટરસાયકલોનાં નંબર જોયેલ નહીં કે ઓળખેલ નહી.

(૧૪) આ કામનાં ફરિયાદીનાં આરોપીનાં વિધ્વાન વકીલશ્રી ધ્વારા કરવામાં આવેલ ઉલટ–તપાસ ધ્યાને લેતા, તેમણે તે કબુલ કરેલ છે કે, બનાવવાળી જગ્યા સતત અવર–જવરવાળા માર્ગ પર આવેલ છે. તેમણે તે પણ કબુલ કરેલ છે કે, સ્થળ ઉપર તેમણે કોઈ ઈસમોને ઓળખેલા નહીં, તેમણે તે પણ કબુલ કરેલ છે કે, પોલીસે તેમને આરોપી–ઓની ઓળખ માટે ફોટા મોકલેલા, પરંતુ તેઓ આરોપીઓને ઓળખી શકેલા નહીં.

## <u>બનાવ નજરે જોનાર સાહેદનો પુરાવો</u> :

(૧૫) આ કામે ફરિયાદ પક્ષે સાહેદ નં.૨ દક્ષાબેન રમણભાઈ રાઠોડને આંક–૭ થી તપાસેલ છે. તેમણે પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં એવો પુરાવો આપેલ છે કે, બનાવ વખતે તેમનાં પતિ નર્મદા પ્રોજેકટ રાધનપુર ખાતે નોકરી કરતા હતા અને વતન ગાંગરડા ગામે આવેલા. બનાવના દિવસે તેઓ તથા તેમનાં પતિ મારૂતિ સ્વીફટ ગાડી નં.જીજે–૬ ઈ.કયુ–૬૬૮૪ ની લઈને વડોદરા જવા નીકળેલા. તે વખતે આશરે બપોરના ૧–૦૦ વાગ્યાના સુમારે ગાંગરડા ચોકડીથી બોરીયાળા તરફ જતા રસ્તા ઉપર ત્રણ મોટર–

સાયકલો લઈ પાંચ અજાણ્યા ઈસમો આવી, સાહેદની ગાડીને ઓવરટેક કરી, અચાનક મોટરસાયકલો ઉભી રાખી, તેના ઉપરથી ઉતરી, સાહેદને તથા તેમના પત્ની બન્ને બાજુથી ઘેરી લીધેલા. સાહેદની બાજુમાં તેમનાં રમણભાઈ બેઠેલા હતા તે દરવાજાના કાચને પથ્થર મારી તોડી નાખી, બુમો પાડતો હતો કે, 'મારી નાંખીશું' તેમ જણાવી સાહેદના ગળામાં પહેરેલ સોનાનું મંગળસુત્ર તથા ડાબી બાજુના કાનની કડીઓ ખેંચી લીધેલી. સાહેદનાં પતિ નીચે ઉતરતાં એક ઈસમે પથ્થર ઉગામી તેમનાં પત્નીા એટલે કે ફરિયાદીના ગળામાં પહેરેલ તેમની સોનાની ચેન ખેંચી લીધેલ હતી. સાહેદનાં પતિ ગભરાઈ જતા તેમનાં પતિએ તેમનાં જેઠ કાળુભાઈને ફોન કરવા જતા, આ પાંચેય ઈસમો ગાંગરડા ચોકડી તરફ ભાગી ગયેલા. તેઓનો ગાડી મારફતે પીછો કરતા, તેઓ કયાંક જતા રહેલ અને મળી આવેલ નહીં. આ પાંચેય ઈસમો કયાંના હતા? અને કોણ હતા? તે ઓળખાયેલ નહીં. તેઓ આશરે ૨૦ થી ૨૫ વર્ષની ઉમરના હતા. આ ઈસમોએ સાહેદના તથા તેમનાં પત્નીાં એટલે કે ફરિયાદીનાં ગળામાંથી સોનાની ચેન બળજબરીથી કઢાવી લીધેલ હોય, તેમનાં પતિ એટલે કે ફરિયાદી તેમનાં કુટુંબીજનો સાથે ફરિયાદ આપવા ગયેલ. સાહેદને નામ.કોર્ટમાં હાજર આરોપી બતાવતા, તેને જોઈને સાહેદે જણાવેલ છે કે, તે તે જ હતો કે કેમ? તે તેઓ કહી શકે નહીં અને સાહેદે કોઈ મોટરસાયકલોના નંબર જોયેલ નહીં કે ઓળખેલ નહીં.

(૧૬) આ કામનાં સાહેદની આરોપીનાં વિધ્વાન વકીલશ્રી ધ્વારા કરવામાં આવેલ ઉલટ–તપાસ ધ્યાને લેતા, તેમણે તે કબુલ કરેલ છે કે, બનાવવાળી જગ્યા સતત અવર –જવરવાળા માર્ગ પર આવેલ છે. તેમણે તે પણ કબુલ કરેલ છે કે, સ્થળ ઉપર તેમણે કોઈ ઈસમોને ઓળખેલા નહીં, તેમણે તે પણ કબુલ કરેલ છે કે, પોલીસે તેમનાં પત્ની આરોપીઓની ઓળખ માટે ફોટા મોકલેલા, પરંતુ તેઓ આરોપીઓને ઓળખી શકેલા નહીં.

**<u>અન્ય સાહેદનો પુરાવો</u> :**

(૧૭) આ કામે ફરિયાદ પક્ષે સાહેદ નં.૩ કાળુભાઈ ભુરાભાઈ રાઠોડને આંક–૧૧ થી તથા સાહેદ નં.૪ મનસુખભાઈ ભુરાભાઈ રાઠોડને આંક–૧૩ થી તપાસેલ છે.

તેઓએ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં એવો પુરાવો આપેલ છે કે, બનાવ વખતે તેઓનાં ભાઈ નર્મદા પ્રોજેકટ રાધનપુર ખાતે નોકરી કરતા હતા અને વતન ગાંગરડા ગામે આવેલા. બનાવના દિવસે તેઓના ભાઈ–ભાભી તેમની મારૂતિ સ્વીફટ ગાડી નં.જીજે–૬ ઈ.કયુ–૬૬૮૪ ની લઈને વડોદરા જવા નીકળેલા. તે વખતે આશરે બપોરનાં ૧–૦૦ વાગ્યાના સુમારે ગાંગરડા ચોકડીથી બોરીયાળા તરફ જતા રસ્તા ઉપર ત્રણ મોટરસાયકલો લઈ પાંચ અજાણ્યા ઈસમો આવી, આ સાહેદોનાં ભાઈની ગાડીને ઓવરટેક કરી, અચાનક મોટરસાયકલ ઉભી રાખી તેના ઉપરથી ઉતરી, આ સાહેદોનાં ભાઈ ભાભીને બન્ને બાજુથી ઘેરી લીધેલા અને આ સાહેદોના ભાઈ રમણભાઈ બેઠેલા હતા તે દરવાજાના કાચને પથ્થર મારી તોડી નાખી, બુમો પાડતો હતો કે, 'મારી નાંખીશું' તેમ જણાવી આ સાહેદોના ભાભીના ગળામાં પહેરેલ સોનાનું મંગળસુત્ર તથા ડાબી બાજુના કાનની કડીઓ ખેંચી લીધેલી અને આ સાહેદોના ભાઈ નીચે ઉતરતાં એક ઈસમે પથ્થર ઉગામી તેમના ગળામાં પહેરેલ સોનાની ચેન ખેંચી લીધેલ હતી. તેમનાં ભાઈ ગભરાઈ જતા, તેમણે આ સાહેદોને ફોન કરી જણાવેલ કે, 'જલદી આવો' તેવું કહેતા, આ સાહેદો તથા સુરેશભાઈ, ભાવેશભાઈ, બાબુભાઈ નાઓ દોડી ગયેલા. ત્યાં આ સાહેદોનાં ભાઈ–ભાભીએ સાહેદને ઉપરની હકીકતની વાત કરેલી. આ સાહેદોએ ત્યાં જઈ તપાસ કરતા કોઈ મળેલ નહીં, જેથી આ સાહેદોનાં ભાઈએ આ બાબતની પોલીસમાં ફરિયાદ આપેલી. પોલીસે આ સાહેદોનો જવાબ લીધેલો.

(૧૮) આ કામનાં સાહેદોની આરોપીનાં વિધ્વાન વકીલશ્રી ધ્વારા કરવામાં આવેલ ઉલટ–તપાસ ધ્યાને લેતા, તેઓએ તે કબુલ કરેલ છે કે, બનાવવાળી જગ્યા સતત અવર જવરવાળા માર્ગ પર આવેલ છે. તેઓએ તે પણ કબુલ કરેલ છે કે, બનાવ તેમણે નજરે જોયેલ નથી.

(૧૯) આ કામે ફરિયાદ પક્ષે સાહેદ નં.૫ સુરેશભાઈ ફતેસીંગ રાઠોડને આંક–૧૪ થી, સાહેદ નં.૬ બાબુભાઈ ઉર્ફે પ્રતાપભાઈ કોદરભાઈ રાઠોડને આંક–૧૫ થી તથા સાહેદ

નં.૭ ભાવેશભાઈ ફતેસિંહ રાઠોડને આંક–૧૬ થી તપાસેલ છે. તેઓએ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં એવો પુરાવો આપેલ છે કે, બનાવ વખતે તેઓનાં ભાઇ નર્મદા પ્રોજેક્ટ રાધનપુર ખાતે નોકરી કરતા હતા અને વતન ગાંગરડા ગામે આવેલા. બનાવના દિવસે તેઓના ભાઈ–ભાભી તેમની મારૂતિ સ્વીફટ ગાડી નં.જીજે–૬ ઈ.કયુ–૬૬૮૪ ની લઇને વડોદરા જવા નીકળેલા. તે વખતે આશરે બપોરનાં ૧–૦૦ વાગ્યાના સુમારે ગાંગરડા ચોકડીથી બોરીયાળા તરફ જતા રસ્તા ઉપર ત્રણ મોટરસાયકલો લઈ પાંચ અજાણ્યા ઈસમો આવી, આ સાહેદોનાં ભાઇની ગાડીને ઓવરટેક કરી, અચાનક મોટરસાયકલ ઉભી રાખી તેના ઉપરથી ઉતરી, આ સાહેદોનાં ભાઈ ભાભીને બન્ને બાજુથી ઘેરી લીધેલા અને આ સાહેદોના ભાઇ રમણભાઇ બેઠેલા હતા તે દરવાજાના કાચને પથ્થર મારી તોડી નાખી, બુમો પાડતો હતો કે, 'મારી નાંખીશું' તેમ જણાવી આ સાહેદોના ભાભીના ગળામાં પહેરેલ સોનાનું મંગળસુત્ર તથા ડાબી બાજુના કાનની કડીઓ ખેંચી લીધેલી અને આ સાહેદોના ભાઇ નીચે ઉતરતાં એક ઈસમે પથ્થર ઉગામી તેમના ગળામાં પહેરેલ સોનાની ચેન ખેંચી લીધેલ હતી. તેમનાં ભાઇ ગભરાઈ જતા, તેમણે કાળુભાઈને ફોન કરી જણાવેલ કે, 'જલદી આવો' તેવું કહેતા, આ સાહેદો તથા કાળુભાઈ અને મનસુખભાઈ નાઓ દોડી ગયેલા. ત્યાં આ સાહેદોનાં ભાઈ–ભાભીએ સાહેદને ઉપરની હકીકતની વાત કરેલી. આ સાહેદોએ ત્યાં જઈ તપાસ કરતા કોઇ મળેલ નહીં, જેથી આ સાહેદોનાં ભાઈએ આ બાબતની પોલીસમાં ફરિયાદ આપેલી. પોલીસે આ સાહેદોનો જવાબ લીધેલો.

(૨૦) આ કામનાં સાહેદોની આરોપીનાં વિધ્વાન વકીલશ્રી ધ્વારા કરવામાં આવેલ ઉલટ–તપાસ ધ્યાને લેતા, તેઓએ તે કબુલ કરેલ છે કે, બનાવ તેમણે નજરે જોયેલ નથી.

## <u>તપાસ કરનાર અમલદારનો પુરાવો</u> :

(૨૧) આ કામે ફરિયાદ પક્ષે સાહેદ નં.૮ રમેશભાઈ ભુરાભાઈ કટારાને આંક–૧૮ થી તપાસેલ છે. તેમણે પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં એવો પુરાવો આપેલ

છે કે, તેઓ તા.૨૬/૦૩/૨૦૧૬ થી તા.૧૨/૧૦/૨૦૧૭ સુધી ગરબાડા પોલીસ સ્ટેશનમાં પી.એસ.આઇ. તરીકે ફરજ બજાવતા હતા. તે દરમ્યાન તા.૨૪/૦૪/૨૦૧૭ ના રોજ રમણભાઇ ભુરાભાઇ રાઠોડ નાઓએ તેમની રૂબરૂ આંક–૬ વાળી ફરિયાદ હકીકત લખાવતા, તેમણે ફરિયાદીનાં લખાવ્યા મુજબની ફરિયાદ લખી લીધેલી. ત્યારબાદ ફરિયાદ મુજબનો ગુનો સ્ટેશન ડાયરીના ફર્સ્ટ ગુ.ર. નં.૪૦/૨૦૧૭, ઇ.પી.કો. કલમ–૩૮૪, ૧૧૪ મુજબનો નોંધી લીધેલ, જે ગુનો સ્ટેશન ડાયરીમાં નોંધી આગળની તપાસ પ્રથમ ફુલસીંગભાઇ પુંજાભાઇને સોંપેલી. ફુલસીંગભાઇ પુંજાભાઇએ સૌપ્રથમ ગુનાવાળી જગ્યાએ જઇ બે તટસ્થ પંચોની હાજરીમાં આંક–૮ વાળુ ગુનાવાળી જગ્યાનુ પંચનામુ કરેલુ. તેમણે પ્રથમ તા.૨૫/૦૪/૨૦૧૭ ના રોજ લાગતા–વળગતા સાહેદોના નિવેદનો લીધેલા.

(૨૨) વધુમાં સાહેદે પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં એવો પુરાવો આપેલ છે કે, ત્યારબાદ ગુનાની તપાસ સાહેદે સંભાળતા, તેમણે ફરિયાદીનું વધારાનું નિવેદન લેતાં, ગુનો ઇ.પી.કો. કલમ–૩૯૫, ૩૯૭ મુજબનો બનતો હોવાનું જણાતાં, સાહેદે મહે. જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસશ્રી, ગરબાડા નાઓને સદર ગુનાનાં કામે ઇ.પી.કો. કલમ –૩૯૫, ૩૯૭ નો ઉમેરો કરવા આંક–૧૯ વાળો રીપોર્ટ કરેલ. ત્યારબાદ તેમણે આરોપીને અટક કરી બે તટસ્થા પંચોની હાજરીમાં આરોપીનું આંક–૯ વાળુ શરીર સ્થિતિનું તેમજ અટકનું પંચનામુ તૈયાર કરેલું. આ કામના આરોપીઓએ ગુનો કરતી વખતે વાપરેલ મોટરસાયકલ નં.જીજે–૨૦ એ.એ–૫૨૦૬ પોતે કયાં મુકેલ છે? તે બતાવવા માંગતા હોય, તેમના કહયા મુજબ તેમને તથા બે તટસ્થ પંચોને સાથે રાખી, આરોપીનાં ઘરે જઇ ઓસરીના ભાગે પડેલ મોટરસાયકલ નં.જીજે–૨૦ એ.એ–૫૨૦૬ ની મળી આવતા, સદર મોટરસાયક તપાસ અર્થે આંક–૧૦ વાળા પંચનામાની વિગતે કબજે લીધેલ. તેમણે આ કામે લાગતા–વળગતા સાહેદોનાં વધારા નિવેદનો લીધેલ તેમજ આ કામના આરોપી વિરૂધ્ધ પુરતો પુરાવો હોય, ઇ.પી.કો. કલમ–૩૯૫, ૩૯૭ મુજબનું ધોરણસરનું ચાર્જશીટ કરેલું.

(૨૩) આ કામનાં સાહેદોની આરોપીનાં વિધ્વાન વકીલશ્રી ધ્વારા કરવામાં આવેલ ઉલટ–તપાસ ધ્યાને લેતા, તેઓએ તે કબુલ કરેલ છે કે, ફરિયાદીએ તેમની ફરિયાદ આપી તે પ્રમાણે કોઈપણ આરોપીનાં નામ–ઠામ, સરનામા કે શરીરનાં બાંધા વિશેનું કોઈ વર્ણન કરેલ નથી. તેમણે તે પણ કબુલ કરેલ છે કે, આ ગુનાનાં કામે મુદ્દામાલ રીકવર થવા પામેલ નથી. તેમણે તે હકીકતનો ઈન્કાર કરેલ છે કે, મુદ્દામાલ મોટરસાયકલ ગુનામાં સંડોવાયેલ ન હોવા છતાં તેમણે ખોટી રીતે કબજે કરેલ છે. તેમણે કબુલ કરેલ છે કે, આ ામે તેમણે કોઈ ઓળખ પરેડ હાથ ધરેલ નથી. તેમણે તે હકીકતનો ઈન્કાર કરેલ છે કે, આ કામનાં આરોપીએ કોઈ ગુનો કરેલ ન હોવા છતાં તેમની વિરૂધ્ધ ખોટી તપાસ કરી ખોટુ ચાર્જશીટ કરેલ છે.

(૨૪) જયાંસુધી તપાસ કરનાર અમલદારનાં પુરાવાને લાગે વળગે છે ત્યાંસુધી તપાસ કરનાર અમલદારને બનાવ અંગે કોઈ અંગત જ્ઞાન હોતુ નથી, પરંતુ તપાસ દરમ્યાન તેઓ જે હકીકત જાણે તેટલા માત્રથી જ તે હકીકતથી માહિતગાર થાય છે. આ અંગે નામ. ગુજરાત હાઈકોર્ટે **હમીદુલ્લા બીસ્મીલ્લાખાન નવાબ વિરૂધ્ધ ગુજરાત રાજય**નાં કિસ્સામાં આપેલ ચુકાદો કે જે **૧૯૮૮(૧) – જી.એલ.આર. – પાના નં.૩૭૫** થી પ્રસિધ્ધ થયેલ છે, તેમાં પ્રસ્થાપિત કરેલ છે કે, બનાવ વિશે તપાસ કરનાર અમલદારને મળેલ માહિતી કે જ્ઞાન તેમનું અંગત જ્ઞાન માની શકાય નહીં તેમજ તેને આરોપી વિરૂધ્ધનાં પુરાવા માટે ધ્યાને લઈ શકાય નહીં.

## <u>પુરાવાનું સંયુકત મૂલ્યાંકન</u> :

(૨૫) આ કામે સાહેદ નં.૧ ફરિયાદી રમણભાઈ ભુરાભાઈ રાઠોડની આંક–૫ ની તથા સાહેદ નં.૨ ફરિયાદીની પત્ની દક્ષાબેન રમણભાઈ રાઠોડની આંક–૭ ની સોગંદ ઉપરની જુબાની ધ્યાને લેતા, તેમની જુબાનીમાં તેઓએ પાંચ માણસો ત્રણ મોટરસાયકલ

લઈને આવેલા અને તેઓની ગાડી ઉભી રાખી, તેમની ગાડીનાં દરવાજાનો કાચ તોડી નાંખી, દક્ષાબેનનાં ગળામાંથી સોનાનું મંગળસુત્ર, કાનની કડી ખેંચીને લઈ લીધેલ તેમજ ફરિયાદીનાં ગળામાંથી સોનાનો ચેઈન ખેંચીને લઈ લીધેલ અને ફરિયાદીએ તેમનાં ભાઈને ફોન કરતા, આ લુટારૂઓ પોતાનાં મોટરસાયકલો લઈને ત્યાંથી નાસી ગયેલા. ફરિયાદી તથા તેમનાં પત્નીએ લુટારૂઓનાં મોટરસાયકલનાં નંબરો પોતાની જુબાનીમાં જણાવેલ નથી કે, લુટારૂઓનું વર્ણન પણ પોતાની જુબાનીમાં જણાવેલ નથી તેમજ તેઓ બનાવ સમયે લુટારૂઓને ઓળખી શકેલ નહીં હોવાનું કબુલ રાખેલ છે. ફરિયાદી તથા તેમનાં પત્ની દક્ષાબેને કોર્ટમાં હાજર આ કામનાં આરોપીને જોઈને આ કામનાં આરોપી બનાવ સમયે લુટારૂઓ સાથે લુટ કરવામાં સાથે હતા કે કેમ? તે તેઓ કહી શકે નહીં તેમ કહી આરોપીને ઓળખી બતાવતા નથી.

(૨૬) આ કામનાં ફરિયાદીની આંક–૬ ની ફરિયાદ જોતા, તેમાં પણ ફરિયાદી બનાવ સમયે લુટારૂઓને ઓળખી શકેલ નહીં હોવાનું જણાવેલ છે અને લુટારૂઓ માત્ર ૨૦ થી ૨૫ વર્ષની ઉંમરનાં હોવાનું જ જણાવેલ છે, પરંતુ તેમણે પોતાની ફરિયાદમાં લુટારૂઓનું વર્ણન કરેલ નથી.

(૨૭) ફરિયાદીની ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–૧૫૪ ની ફરિયાદ તે કોરોબોરેટીવ પીસ ઓફ એવીડન્સ છે, જયારે ફરિયાદીએ કોર્ટ સમક્ષ જે જુબાની આપેલ છે તે સબસ્ટેન્ટીવ એવીડન્સ કહેવાય. જયારે ફરિયાદી નામ. કોર્ટ સમક્ષ આ કામનાં આરોપી લુટ કરવામાં સાથે હતા કે કેમ? તે તેઓ કહી શકે નહીં તેવું જણાવી નામ. કોર્ટ સમક્ષ આરોપીને ઓળખી બતાવતા ન હોય, ત્યારે ફરિયાદી તથા તેમનાં પત્ની દક્ષાબેન કે જેમણે બનાવ નજરે જોયેલ હોવા છતાં તેઓ આરોપીને નામ. કોર્ટ સમક્ષ ઓળખી બતાવતા ન હોય, તેવા સંજોગોમાં તેઓની જુબાની ઉપર આધા રાખી આ કામનાં આરોપીને ગુના સાથે સાંકળી તકસીરવાન ઠરાવી શકાય નહીં.

(૨૮) આ કામે ફરિયાદ પક્ષે તપાસવામાં આવેલ સાહેદ નં.૩ કાળુભાઈ ભુરાભાઈ રાઠોડની આંક–૧૧ ની, સાહેદ નં.૪ મનસુખભાઈ ભુરાભાઈ રાઠોડની આંક–૧૩ ની, સાહેદ નં.૫ સુરેશભાઈ ફતેસીંગ રાઠોડની આંક–૧૪ ની, સાહેદ નં.૬ બાબુભાઈ ઉર્ફે પ્રતાપભાઈ કોદરભાઈ રાઠોડની આંક–૧૫ ની તથા સાહેદ નં.૭ ભાવેશભાઈ ફતેસિંહ રાઠોડની આંક–૧૬ ની સોગંદ ઉપરની જુબાનીઓ ધ્યાને લઈએ તો, તેઓએ બનાવ નજરે જોયેલ નથી, પરંતુ ફરિયાદીએ સાહેદ કાળુભાઈને ફોન કરતા, કાળુભાઈએ અન્ય સાહેદોને જાણ કરતા, તેઓ બનાવ સ્થળે પહોંચેલ છે અને ફરિયાદી તથા તેમનાં પત્ની દક્ષાબેને બનાવ સ્થળે તેઓને બનાવની હકીકત જણાવેલ છે. આ સાહેદોએ પોતાની ઉલટ તપાસમાં તેઓએ બનાવ નજરે જોયેલ નહીં હોવાનું કબુલ રાખેલ છે. આમ, આ સાહેદો બનાવ નજરે જોનાર સાહેદો નથી પરંતુ હીયર–સે સાહેદો છે, ત્યારે હીયર–સે સાહેદોનો પુરાવો પુરાવામાં ગ્રાહય નથી. તેથી આ હીયર–સે સાહેદોનાં પુરાવા ઉપરથી આ કામનાં આરોપીને ગુના સાથે સાંકળી તેમને તકસીરવાન ઠરાવી શકાય નહીં.

(૨૯) આ કામે આંક–૮ વાળા ગુનાવાળી જગ્યાનું પંચનામાને, આંક–૯ વાળા આરોપીએ ગુનાવાળી જગ્યા બતાવ્યાનાં પંચનામાને તથા આંક–૧૦ વાળા આરોપીએ ગુનામાં વાપરેલ મોટરસાયકલ શોધી બતાવ્યાનાં પંચનામાને આંકે પાડવા સામે વાંધો નહીં હોવાનું બચાવ પક્ષ ધ્વારા શેરો કરી આપેલ હોય, ઉપરોકત ત્રણેય પંચનામાઓને આંકે પાડવામાં આવેલ છે. આમ, ઉપરોકત આંક–૮, ૯, ૧૦ વાળા પંચનામાની હકીકતો બચાવ પક્ષ ધ્વારા કબુલ રાખેલ હોય, તે પંચનામાઓની હકીકતો સ્વિકૃત હકીકત છે. ઉપરોકત પંચનામાઓ ધ્યાને લેતા, આ કામનાં આરોપીએ જ કહેવાતો લુટનો ગુનો કરેલ હોવાનું કે કહેવાતા લુટનાં ગુનામાં કોઈ ભાગ ભજવેલ હોવાનું નિકળી આવતુ નથી. તેથી પણ ઉપરોકત આંક–૮, ૯ તથા આંક–૧૦ વાળા પંચનામાઓ ઉપર આધાર રાખી આ કામનાં આરોપીને ગુના સાથે સાંકળી તેમને તકસીરવાન ઠરાવી શકાય નહીં.

(૩૦) આ કામનાં ફરિયાદી તથા તેમનાં પત્નીએ કહેવાતો બનાવ નજરે જોયેલ હોય તેઓ કહેવાતી લુટ કરવા આવનાર લુટારૂઓને ઓળખી શકે. તેમછતાં તપાસ કરનાર અમલદારશ્રી ધ્વારા આ કામનાં આરોપીને અટક કર્યા બાદ ફરિયાદી કે તેમનાં પત્ની દક્ષાબેન મારફત આ કામનાં આરોપીની ઓળખ પરેડ કરાવવામાં આવેલ નથી, જે ફરિયાદ પક્ષનાં કેસમાં શંકા ઉપસ્થિત કરે છે, જે ફરિયાદ પક્ષનાં કેસ માટે નુકશાનકારક છે.

(૩૧) આમ, તપાસ કરનાર અમલદારશ્રીનાં પુરાવા ઉપરથી પુરાવો એકઠો કરવાની તમામ હકીકત વિધિસરની હોવાનું પુરવાર થાય તો પણ તે પુરાવાનું એપ્રિસીશેન કોર્ટે કરવાનું રહે છે અને આ કિસ્સામાં ફરિયાદ પક્ષ મુદ્દા નં.ર ની હકીકત નીચેનાં કારણોસર નિઃશંકપણે પુરવાર કરી શકેલ નથી :

(૧) ફરિયાદીની ફરિયાદ જોતા લુટ કરનાર ઈસમો કેવા હતા? તેમનું વર્ણન દર્શાવેલ નથી.

(૨) ફરિયાદીએ પોતાની ફરિયાદ તથા જુબાનીમાં તેમજ સાહેદ દક્ષાબેને પોતાની જુબાનીમાં કહેવાતી લુટનાં લુટારૂઓનાં વર્ણન જણાવેલ નથી અને તેઓ બનાવ સમયે લુટારૂઓને ઓળખી શકેલ નહીં હોવાનું જણાવેલ છે.

(૩) ફરિયાદી અને તેમનાં પત્ની બનાવ નજરે જોનાર સાહેદ હોવા છતાં તેઓએ આરોપીને કોર્ટ સમક્ષ કહેવાતી લુટનાં લુટારા તરીકે ઓળખી બતાવેલ નથી.

(૪) આ કામનાં અન્ય સાહેદો બનાવ નજરે જોનાર સાહેદ નથી અને બનાવ બન્યા બાદ ફરિયાદીએ ફોન કરીને તેઓને જાણ કરતા, તેઓ બનાવ સ્થળે આવેલ હોય, તેઓ હીયર–સે સાહેદો હોય, તેઓની જુબાની ઉપર આધાર રાખી આરોપીને તકસીરવાન ઠરાવી શકાય નહીં.

(૫) આ કામનાં આરોપીને અટક કર્યા બાદ તપાસ કરનાર અમલદારે ફરિયાદી કે તેમનાં પત્ની દક્ષાબેન મારફત આરોપીની કોઈ ઓળખ પરેડ કરાવેલ નથી, જે ફરિયાદ પક્ષનાં કેસમાં શંકા ઉપસ્થિત કરે છે.

(૬) આ કામનાં આરોપી પાસેથી કહેવાતી લુંટમાં ગયેલ કોઈ મુદ્દામાલ રીકવર કરવામાં આવેલ નથી.

(૭) ફરિયાદ પક્ષનાં પુરાવા ઉપર કહેવાતો બનાવવાળી જગ્યા સતત અવર જવરવાળા માર્ગ ઉપર બનેલ હોવાનું નિકળી આવે છે તેમછતાં બનાવવાળી સ્થળની આજુબાજુનાં કોઈ સ્વતંત્ર સાહેદોને આ કામે ફરિયાદ પક્ષ તરફથી તપાસવામાં આવેલ નથી, જે ફરિયાદ પક્ષનાં કેસમાં શંકા ઉપસ્થિત કરે છે.

(૮) આ કામે ફરિયાદ પક્ષ આરોપીને આ ગુના સાથે સાંકળતો કોઈ પુરાવો રેકર્ડ ઉપર લાવી શકેલ નથી.

(૩૨) ઉપરોકત તમામ સંજોગોમાં ફરિયાદ પક્ષ મુદ્દા નં.૨ ની હકીકત પુરાવર કરી શકેલ ન હોય, **મુદ્દા નં.૨** નો મુજબ **'નકારમાં'** આપુ છું.

**<u>મુદ્દા નં.૨</u> :**

(૩૩) ફોજદારી ન્યાયના સિધ્ધાંત મુજબ ફરિયાદ પક્ષે પોતાનો કેસ શંકાથી પર રીતે પુરવાર કરવો પડે. માત્ર શંકાના આધારે આરોપીને તકસીરવાન ઠરાવી શકાય નહી. **નામ. સુપ્રીમ કોર્ટે ૨૦૦૪ – જી.એલ.એચ.એલ.ઈ. – સુપ્રિમ કોર્ટ – ૭૩૦૨ દસારી શીવા પ્રસાદ રેડ્ડી વિરૂધ્ધ પબ્લીક પ્રોસીકયુટર**ના ચુકાદામા નિર્ણિત કરેલ છે કે, શંકા ગમે તેવી મજબુત હોય તો પણ તેના ઉપરથી સજા થઈ શકે નહી અને "may be true" અને "must be true" વચ્ચેનો તફાવત છે. તે સંજોગોમા ઉપર

ચર્ચા કરી તે મુજબ ફરિયાદ પક્ષ નિઃશંકપણે મુદ્દા નં.૧ ની હકીકત ફરિયાદ પક્ષ નિઃશંકપણે પુરવાર કરી શકેલ ન હોય, **મુદ્દા નં.૨** અન્વયે આરોપીને શંકાનો લાભ આપી છોડી મુકતો નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

## –// આખરી હુકમ //–

(૧) ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૩૫(૧) હેઠળ આરોપી : સુરેશભાઈ ધારૂભાઈ ડામોર, રહે. દિવાનીયાવડ, માળ ફળીયા, તા. ગરબાડા, જિલ્લો : દાહોદ નાઓને ભારતીય દંડ સંહિતાની કલમ–૩૯૫ તથા ૩૯૭ હેઠળ સજાને પાત્ર ગુનાઓ અંગે શંકાનો લાભ આપી છોડી મુકવાનો હુકમ ફરમાવવામાં આવે છે.

(૨) આ ગુનાનાં કામે કબજે લેવામાં આવેલ હીરો હોન્ડા સ્પ્લેન્ડર મોટરસાયકલ નં.જીજે –૨૦ એ.એ–૫૨૦૬ અનુસંધાને અત્રેની કોર્ટ ધ્વારા ક્રિમીનલ પરચુરણ અરજી નં.૯૮૪/૨૦૧૭ નાં કામે તા.૧૧/૧૦/૨૦૧૭ નાં રોજ કરવામાં આવેલ હુકમ આથી કાયમ કરવામાં આવે છે.

(૩) ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૪૩૭(એ) હેઠળ આરોપીને એવો આદેશ આપવામાં આવે છે કે, આજથી છ મહિના સુધીમાં તેઓને સેસન્સ કોર્ટ, દાહોદ અગર નામ. ગુજરાત હાઈકોર્ટ સમક્ષ રજુ થવા આદેશ આપવામાં આવે તો તેઓએ સેસન્સ કોર્ટ, દાહોદ અગર નામ. ગુજરાત હાઈકોર્ટ સમક્ષ હાજર રહેવુ અને તે અંગે દરેકે રૂા.૫,૦૦૦/– (અંકે રૂપિયા પાંચ હજાર પુરા) નાં જામીન અને તેટલી જ રકમનાં જાત મુચરકા રજુ કરવા.

હુકમ આજરોજ તારીખ : ૨૭ મી, માહે : એપ્રિલ, સને–૨૦૧૮ નાં રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યુ.

સ્થળ : દાહોદ.
તારીખ : ૨૭/૦૪/૨૦૧૮.

**(દિવ્યેશ વિપીનચંન્દ્ર શાહ)**
બીજા એડીશનલ સેશન્સ જજ
દાહોદ
કોડ નં.જી.જે.૦૦૫૯૫